# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

**Tax Today (Monthly)**

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

◆ વર્ષ: ૧૦ ◆ અંક: ૧૧ ◆ સળંગ અંક: ૧૧૭ ◆ તા.૧૯/૦૯/૨૦૨૬, શનિવાર ◆ પાના–૪ ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦ ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/– (કુરીયર સાથે રૂા.૩૦૦/–)

◆ તંત્રી–માલિક અને પ્રકાશક: ભવ્ય દિપકભાઇ પોપટ ◆ પ્રકાશન સ્થળ: ૨૦૨–૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ–૩૬૨૫૬૦

◆ ફોન : ૦૨૮૭૫–૨૨૧૭૦૦, ફેક્સ: ૦૨૮૭૫–૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month


# ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસીએશનએ સ્ટેટ જી.એસ.ટી. ચીફ કમિશ્નરને મળી કરી રજુઆતો




**તા. ૨૨.૦૯.૨૦૨૬**

ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસીએશનના હોદ્દેદારો અને રીપ્રેસેનટેશન કમિટીના કન્વેનર દ્વારા સ્ટેટ જી.એસ.ટી. ચીફ કમિશ્નર રૂપવંત સિંહ, સ્પેશીયલ કમિશ્નર સૂજીત કુમાર તથા એડીશનલ કમિશ્નર અતુલ મહેતા સાથે વેટ–સી.એસ.ટી. તથા જી.એસ.ટી. ના વિવિધ મુદ્દાઓ ઉપર રજૂઆત કરવામાં આવી હતી. વેટ–સી.એસ.ટી. માટે ખાસ એમનેસ્ટી સ્કીમ સહીતના મુદ્દાઓ ઉપર ચર્ચાઓ કરવામાં આવી હતી. સ્ટેટ ટેક્સ બાર વતી પ્રમુખ દેવકરણ વઘાસીયા, મંત્રી નિખીલ ગાંધી, ખજાનચી નિશાંત શાહ, ઉપ પ્રમુખ ભવ્ય પોપટ તથા રીપ્રેસનટેશન કમિટીના કન્વેનર પ્રિયમ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

## સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના



આપને મુંઝવતા ઇન્કમટેક્સ, જીએસટીને લગતા કોઇપણ પ્રશ્નો પુછી શકો છો.. અમારી ટીમના એક્સપર્ટ આપના સવાલના સંતોષકારક જવાબ આપવાનો નમ્ર પ્રયાસ કરશે.

**Tax Today Experts**

CA Monish Shah, Ahmedabad
CA Divyesh Sodha, Porbandar
Adv. Lalit Ganatra, Jetpur
Adv. Bhavya Popat, Una







**Best resort for Corporate events, Staff Tours etc. nr Diu**

## Flamingo Club & Resort

*Why Flamingo is best for Corporate events??*

- Nearly 40% of cost then similar hotels of Diu.
- 12% GST Credit available as situated in Gujarat.
- Facilities of Banquets and Party lawns.
- Special Suite rooms for top management.
- Best resort for family and group entertainment
- Pure Veg Restaurant
- Best in class amenities
- Water Sports facility support
- No burden of Liquor on corporates.

Diu Calling!!!

**Amenities**

- Swimming pool
- Mini Theatre*
- Gym & Indoor Sports
- Party Lawn
- Banquet
- Children Play Area

Contact: 9737021700 GM /9624121700 Front Desk
e mail: contact@flamingoclubresort.com, www.flamingoclubresort.com
Delwada Diu Road, Naliya Mandvi Ta Una. 362520

# અનિલ શેઠ મેમોરિયલ રિફ્રેશર કોર્સનું અમદાવાદ ખાતે સફળ આયોજન

## સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના તાજેતરના ચુકાદાઓ તેમજ કલમ ૭૩, ૭૪ અને ૭૪A અંગે નિષ્ણાતોનું માર્ગદર્શન







**અમદાવાદ**

ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસિએશન દ્વારા આયોજિત પ્રથમ અનિલ શેઠ મેમોરિયલ રિફ્રેશર કોર્સનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ શૈક્ષણિક કાર્યક્રમમાં ટેક્સ પ્રેક્ટિશનર્સ અને GST ક્ષેત્ર સાથે સંકળાયેલા સભ્યોને તાજેતરના ન્યાયિક નિર્ણયો અને GST કાયદાની મહત્વપૂર્ણ જોગવાઈઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ રિફ્રેશર કોર્સમાં મુખ્યત્વે બે મહત્વપૂર્ણ વિષયો પર નિષ્ણાત વક્તાઓ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. પ્રથમ સત્રમાં એડવોકેટ ઉચિત શેઠ દ્વારા સુપ્રીમ કોર્ટ અને વિવિધ હાઈકોર્ટના તાજેતરના ન્યાયિક ચુકાદાઓની કરવ્યવસ્થા પર થતી અસરો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાજેતરના જ્યુડિશિયલ પ્રોનાઉન્સમેન્ટ્સને ધ્યાનમાં રાખીને કરદાતાઓ અને ટેક્સ પ્રોફેશનલ્સે કઈ બાબતોનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ તે અંગે પણ તેમણે ચર્ચા કરી હતી.

બીજા સત્રમાં એડવોકેટ (CA) અભય દેસાઈ દ્વારા GST કાયદાની અત્યંત મહત્વપૂર્ણ કલમ ૭૩, ૭૪ અને નવી કલમ ૭૪A વચ્ચેના ઈન્ટરપ્લે અંગે વિગતવાર સમજણ આપવામાં આવી હતી.

GST હેઠળ ડિમાન્ડ અને રિકવરી સંબંધિત જોગવાઈઓમાં થતા ફેરફારો અને તેની પ્રેક્ટિકલ અસર અંગે ઉપસ્થિત સભ્યોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસિએશન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ટેક્સ પ્રોફેશનલ્સ, GST પ્રેક્ટિશનર્સ તથા એસોસિએશનના સભ્યોએ ભાગ લીધો હતો. આ રીફ્રેશર કોર્સમાં જાણીતા એડવોકેટ નયનભાઈ શેઠની વીશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ટેક્સ ક્ષેત્રમાં સતત બદલાતા કાયદા, ન્યાયિક અભિપ્રાયો અને વ્યવહારુ મુદ્દાઓ અંગે પ્રોફેશનલ્સને અદ્યતન માહિતી ઉપલબ્ધ કરાવવાનો હતો. આ તકે સંસ્થાના મુખપત્ર સેલ્સ ટેક્સ જર્નલનું પ્રથમ ''ઈ વર્ઝન'', પણ સભ્યો માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ ''ઈ વર્ઝન''; વિષે સભ્યોને ઉપયોગી માહિતી સંસ્થાના વેબસાઈટ કમિટીના કન્વેનર લલીતભાઈ ગણાત્રા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યેક્રમમાં સંસ્થાના નવા સભ્યોને સભ્યપદના સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમના આયોજનમાં એસોસિએશનના હોદ્દેદારોનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો. પ્રમુખ દેવકરણ વાઘાસિયા, માનદ સચિવ નિખિલ ગાંધી અને બાબુભાઈ ઓઝા તેમજ કન્વીનર્સ સી. ડી. પટેલ અને નીતિન ઠક્કર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે નોંધપાત્ર આયોજન કરવામાં આવ્યું હતું.

# CGST ડિવિઝન મહેસાણા પરિસરમાં જ્ઞાનસત્ર આઉટરીચ કાર્યક્રમ તથા નવનિયુક્ત કમિશનરશ્રીનો સૌહાર્દપૂર્ણ આવકાર સમારોહ સંપન્ન





**મહેસાણા**
**૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬**

કેન્દ્રીય કર સંરચનાને વધુ સુદ્રઢ, પારદર્શક અને જનસુલભ બનાવવાની દિશામાં એક પ્રશંસનીય પગલું ભરતાં, કેન્દ્રીય વસ્તુ અને સેવા કર (CGST) ડિવિઝન, મહેસાણા દ્વારા સરદાર પટેલ વેપાર સંકુલ સ્થિત કાર્યાલય ખાતે તારીખ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ એક વિશેષ જ્ઞાનસત્ર તથા વાર્તાલાપ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવ્ય અવસરે ડિવિઝનના નવનિયુક્ત કમિશનરશ્રી નરેન્દ્રભાઈ યાદવના સન્માન અર્થે અભિનંદન સમારોહ પણ યોજાયો હતો.

આ ગૌરવવંત સમારોહમાં ઉત્તર ગુજરાતના ધારાશાસ્ત્રીઓ, કર સલાહકારો, હિસાબી નિષ્ણાતો તેમજ વિવિધ ઔદ્યોગિક અને વ્યાપારિક મંડળો જેવા કે મહેસાણા, ઊંઝા અને વિસનગરના વેપારી એસોસિએશનો, ઈન્ડસ્ટ્રીઝ ઓનર્સ એસોસિએશન, ટોબેકો વ્યાપારી મંડળ તથા ફાર્માસ્યુટિકલ્સ અને ટેક્સ બાર એસોસિએશનના પ્રતિનિધિઓ અને કરદાતાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**જીએસટી કાયદાકીય જોગવાઈઓ અને સમસ્યા નિવારણ અંગે સંવાદઃ**

કાર્યક્રમના પ્રથમ ચરણમાં સીજીએસટીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરદાતાઓને જીએસટી સંબંધિત જટિલ જોગવાઈઓ, આઇટીસી (ITC), ઈનવર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર રિફંડ અને રિટર્ન ફાઈલિંગની સુગમ પ્રક્રિયાઓ વિશે વિગતવાર અને મનનીય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ઉપસ્થિત કરદાતાઓ અને કર સલાહકારો દ્વારા રજૂ કરાયેલા વિવિધ વ્યવહારિક પ્રશ્નોનું અધિકારીશ્રીઓ દ્વારા સ્થળ પર જ અત્યંત સરળ અને સંતોષકારક સમાધાન કરવામાં આવ્યું હતું.

**કરદાતાઓની વ્યાજબી રજૂઆતો અને કમિશનરશ્રીનો સકારાત્મક અભિગમઃ**

સમારોહ દરમિયાન નવીન ચાર્જ સંભાળનાર કમિશનરશ્રી નરેન્દ્રભાઈ યાદવનું પુષ્પગુચ્છ અને શુભકામનાઓ વડે ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેસાણા ટેક્સ બાર એસોસિએશન તથા ઉત્તર ગુજરાતના વકીલમંડળ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી હતી કે, ઉત્તર ગુજરાતના કરદાતાઓ તથા ધારાશાસ્ત્રીઓને જીએસટી ઓડિટ સંબંધિત કામગીરી અર્થે અવારનવાર અમદાવાદ સુધી લંબાવું પડે છે.

કરદાતાઓની આ સુવિધા અને સમયની બચતને ધ્યાને રાખી મહેસાણા અથવા ઉત્તર ગુજરાતના કોઈ મધ્યસ્થ સ્થળે જીએસટી ઓડિટ સેન્ટરની સ્થાપના કરવામાં આવે. આ અંગે પૂર્વમાં ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસિએશન, અમદાવાદ દ્વારા કરવામાં આવેલ વિનંતીપત્ર પણ કમિશનરશ્રીને અર્પણ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, તમાકુ ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓ તથા અન્ય વિવિધ વ્યાપારી મંડળો દ્વારા વેપાર ક્ષેત્રે નડતી વિસંગતતાઓ અને જીએસટી દરો અંગે કમિશનરશ્રી સમક્ષ સચોટ રજૂઆતો કરવામાં આવી હતી. કમિશનરશ્રીએ તમામ બાબતોને ગંભીરતાપૂર્વક સાંભળી, ઉચ્ચ સત્તામંડળ સુધી યોગ્ય ભલામણ મોકલવાની અને વિભાગ તરફથી પૂર્ણ સહયોગ આપવાની સાંત્વના પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ, પ્રેરણાદાયી અને પરસ્પર વિશ્વાસના વાતાવરણમાં સંપન્ન થયો હતો.

**હર્ષદકુમાર વસંતલાલ ઓઝા-ટેક્સ ટુડે**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.

# વેપારીઓ જોઈ રહ્યા છે વાર્ષિક રીટર્નની રાહ!!

## GSTR-9ની રાહ કેમ? વાર્ષિક રિટર્ન માટે પોર્ટલ વહેલું ખોલવાની જરૂર ૩૧ ડિસેમ્બરની અંતિમ



By **ભવ્ય પોપટ, એડવોકેટ-નોટરી, એડિટર ટેક્સ ટુડે**

જી.એસ.ટી. કાયદા હેઠળ ૨ કરોડથી વધુ ટર્નોવર ધરાવતા કરદાતા માટે વાર્ષિક રીટર્ન ભરવાનું ફરજીયાત રહેતું હોય છે. આ ઉપરાંત વર્ષ દરમ્યાન જી.એસ.ટી.આર. ૧ તથા જી.એસ.ટી.આર. ૩ઈ માં કોઈ ફેરફારો કરવામાં આવ્યા હોય તો પણ કરદાતા માટે વાર્ષિક રીટર્ન ભરવું જરૂરી બની જતું હોય છે. ૧ એપ્રિલથી જ પ્રક્રિયા શરૂ થાય તો આખા વર્ષનું પાલન વધુ સરળ બની શકે છે. કાયદા મુજબ નાણાકીય વર્ષ પૂરું થયા બાદ આવતા નાણાકીય વર્ષની ૩૧ ડિસેમ્બર સુધી Annual Return ભરવાની હોય છે. એટલે કે, Financial Year ૨૦૨૫-૨૬ માટે GSTR-9ની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ છે. પરંતુ અહીં એક મૂળભૂત પ્રશ્ન ઊભો થાય છે- જો વર્ષ ૩૧ માર્ચે પૂરું થઈ ગયું હોય, તો Annual Return માટેની પ્રક્રિયા ૧ એપ્રિલથી જ કેમ શરૂ ન થઈ શકે? આ પ્રશ્ન માત્ર ટેક્સ પ્રોફેશનલ્સનો નથી. તે સમગ્ર GST compliance frameworkની કાર્યક્ષમતા સાથે જોડાયેલો પ્રશ્ન છે.તો પછી ૧ એપ્રિલથી શરૂઆત કરવામાં વાંધો શું છે? અહીંથી જ મૂળ પ્રશ્ન ઊભો થાય છે. ૩૧ માર્ચે નાણાકીય વર્ષ પૂર્ણ થાય છે. ત્યારબાદ એપ્રિલના પ્રથમ દિવસથી જ વેપારીઓ, ઉદ્યોગો, કંપનીઓ, Chartered Accountants અને tax professionals પાસે પાછલા વર્ષના હિસાબો પૂર્ણ કરવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. કંપનીઓ માટે statutory audit, tax audit, financial statements, income-tax related compliance અને GST reconciliation જેવી અનેક પ્રક્રિયાઓ એકબીજા સાથે સંકળાયેલી છે. જો GSTR-9નું framework અને filing utility ૧ એપ્રિલથી ઉપલબ્ધ હોય, તો જે વ્યવસાયના books અને audit work વહેલા પૂર્ણ થઈ જાય તે વ્યવસાય વર્ષના અંતિમ દિવસ સુધી રાહ જોયા વગર Annual Return ફાઇલ કરી શકે. આથી ૩૧ ડિસેમ્બર માત્ર maximum statutory deadline બની રહે અને default working deadline નહીં.

### આજે શું થાય છે?

વ્યવહારિક રીતે Annual Returnની પ્રક્રિયા શરૂ કરવા માટે GST portal પર utility ઉપલબ્ધ થવાની રાહ જોવી પડે છે. અગાઉના વર્ષ માટે પણ GSTNએ GSTR-9/9C utility ઓક્ટોબર મહિનામાં ઉપલબ્ધ કરાવી હતી; ઉદાહરણ તરીકે FY ૨૦૨૪-૨૫ માટે GSTR-9/9C portal પર ૧૨ ઓક્ટોબર, ૨૦૨૫થી enabled કરવામાં આવ્યું હતું. પરિણામે, ૧ એપ્રિલથી જ accounts finalisationનું કામ શરૂ કરી શકનાર કરદાતાને પણ Annual Returnની filing માટે portal availabilityની રાહ જોવી પડે છે.

### જી.એસ.ટીઆર. ૯ વહેલું શરૂ કરવું શા માટે છે જરૂરી?

જે accounts વહેલા પૂર્ણ થાય, ઈન્કમ ટેક્સ ઓડીટ વહેલા થઇ જાય તેવા કેસમાં તરત GSTR-9 તૈયાર થઈ શકે;

- GST data અને books વચ્ચેના mismatch વહેલા શોધી શકાય અને આગામી GSTR 1/3Bમાં સુધારી શકાય છે.
- ITC સંબંધિત discrepancies અંગે સમયસર નિર્ણય લઈ શકાય અને જરૂર જણાય ત્યાં સુધારા કરી શકાય છે.
- Turnover અને tax liabilityના differencesનું reconciliation વહેલું થઈ શકે;



AI IMAGE

- GSTR-9C લાગુ પડતી સંસ્થાઓને વધારાનો સમય મળી શકે;
- છેલ્લી ઘડીએ filing errors થવાની શક્યતા ઘટી શકે;
- સૌથી મહત્વપૂર્ણ, ૩૧ ડિસેમ્બરનું ટેક્સ પ્રોફેશનલ્સ ઉપર પણ pressure ઓછું થઈ શકે.

Income-tax audit સાથે પણ સીધી કડી વ્યવસાયિક દૃષ્ટિએ જોવામાં આવે તો GST Annual Return અને financial statements અલગ દુનિયાની બાબતો નથી. GSTR-9માં

## તારીખ સામે હજુ સુધી રિટર્ન શરૂ ન થતાં કરદાતાઓ અને ટેક્સ પ્રોફેશનલ્સમાં પ્રશ્નો

દર્શાવવામાં આવતા turnover, tax liability, ITC વગેરેને અંતે books of accounts અને financial statements સાથે reconcile કરવા પડે છે. ખાસ કરીને જ્યાં GSTR-9C લાગુ પડે છે ત્યાં આ reconciliationનું મહત્વ વધુ વધી જાય છે. વર્તમાન નિયમો મુજબ રૂ. ૫ કરોડથી વધુ aggregate turnover ધરાવતા કરદાતાઓ માટે GSTR-9C સંબંધિત compliance લાગુ પડે છે. આથી જો Income-tax audit અથવા financial statements તૈયાર થયા બાદ taxpayer પાસે GSTR-9ની filing facility ઉપલબ્ધ હોય, તો તે એક જ compliance exerciseમાંથી બેવડો લાભ લઈ શકે.

### કરદાતાને ૩૧ ડિસેમ્બર સુધી રાહ શા માટે જોવડાવવી?

અહીં કોઈ એક પક્ષને દોષ આપવાનો પ્રશ્ન નથી. GSTN માટે Annual Returnની utility તૈયાર કરવી, નવા ફેરફારોને systemમાં સામેલ કરવા અને auto-populated dataની accuracy સુનિશ્ચિત કરવી જરૂરી છે. પરંતુ બીજી તરફ taxpayer માટે પણ એક સરળ અને તાર્કિક compliance calendar હોવું જોઈએ. જો Annual Return ૩૧ ડિસેમ્બરે ભરવાનું છે, તો તેનો અર્થ એ નથી કે તે ૩૧ ડિસેમ્બર પહેલાં ઉપલબ્ધ જ ન હોવી જોઈએ!! સરકાર અને GSTN જો Annual Return માટેનું form, utility અને જરૂરી system architecture પહેલેથી તૈયાર રાખે અને ૧ એપ્રિલથી filing શરૂ કરવાની વ્યવસ્થા કરે, તો complianceની ગુણવત્તામાં વધારો થઈ શકે. આ માત્ર ટેક્સ પ્રોફેશનલ્સની સુવિધાનો પ્રશ્ન નથી કેટલાક લોકો કહી શકે કે ''૩૧ ડિસેમ્બર સુધી સમય છે, તો ઉતાવળ શા માટે?'' પરંતુ વહેલી filingની માંગ પાછળ માત્ર convenience નથી. તે better compliance, better reconciliation અને better tax administrationનો મુદ્દો છે. વહેલી filingથી જો કોઈ mismatch બહાર આવે તો taxpayer પાસે તેને સમજવા, જરૂરી હોય તો આગામી returnsમાં કાયદેસર રીતે સુધારો કરવા અને પોતાની tax position સ્પષ્ટ કરવા પૂરતો સમય રહે છે. આ

બાબતે વાત કરતા જેતપુરના જાણીતા એડવોકેટ લલીતભાઈ ગણાત્રા જણાવે છે કે ''કોઈ પણ કરદાતા પાછલા વર્ષના સુધારાઓ પછીના વર્ષની તારીખ ૩૦ નવેમ્બર સુધી કરી શકે છે.''

ઉપલબ્ધ માહિતી મુજબ ગત વર્ષ એટલે કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેના વાર્ષિક રીટર્નની શરૂઆત ૧૨ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ હતી. ધારોકે કોઈ કરદાતાને ધ્યાને આવે કે પોતાના પાછલા નાણાકીય વર્ષના B2Cના વેચાણની રકમમાં ભૂલ છે, તો તીઓની પાસે આ તક સુધારવાની તક મહદ અંશે રહેતી નથી. આનું કારણ એ છે કે કોઈ કરદાતા QRMP (ત્રિમાસિક) સ્કીમમાં હોય તેઓના Q-2ના GSTR-1 ભરવાની મુદત ૧૩ ઓક્ટોબર હોય છે. જો GSTR-9 સમયસર શરૂ કરી આપવામાં આવે તો કરદાતાને ઘણી ટેકનીકલ ભૂલોમાંથી બચાવનો મોકો રહે છે. GSTR 9 તથા 9C સત્વરે શરૂ કરવામાં આવે તેવી માંગ ટેક્સ પેયર્સ તથા ટેક્સ પ્રોફેશનલ્સમાં ઉઠી રહી છે.

## ઓડીટ કરાવવું ફરજીયાત??

(અનુસંધાન પાના નં.૪થી શરૂ...)

પસંદ કરે તો જે વર્ષમાં આ વિકલ્પ પ્રથમ વખત પસંદ કરવામાં આવેલ હોય તે સહીત અગામી પાંચ વર્ષ માટે ઓડીટ કરાવવું ફરજીયાત બની જાય છે.

### Tax Audit સમયસર ન કરાવવાથી શું નુકસાન થઇ શકે છે?

જો Tax Audit ફરજિયાત હોવા છતાં કરદાતા સમયસર Audit ન કરાવે તો Income Tax Act હેઠળ દંડની જોગવાઈ લાગુ થઈ શકે છે. કલમ 271B હેઠળ સામાન્ય રીતે Tax Audit ન કરાવવાના કિસ્સામાં દંડની જોગવાઈ છે. દંડ Turnover અથવા Gross Receiptsના નિર્ધારિત પ્રમાણમાં હોઈ શકે છે અને મહત્તમ મર્યાદા પણ નક્કી કરવામાં આવી છે. સામાન્ય રીતે દંડ Turnover અથવા Gross Receiptsના ૦.૫ ટકા સુધી, મહત્તમ રૂ. ૧,૫૦,૦૦૦ સુધી હોઈ શકે છે, જો કે યોગ્ય કારણ દર્શાવી શકાય તેવી પરિસ્થિતિમાં કાયદાની અન્ય જોગવાઈઓ મુજબ રાહત મળી શકે છે.

ઈન્કમ ટેક્સ ઓડીટ કરવા જવાબદાર કરદાતાએ આ ઓડીટ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ચાર્ટર્ડ એકાઉનટન્ટ પાસે કરાવી તેનો ઓડીટ રીપોર્ટ ઈન્કમ ટેક્સના પોર્ટલ (વેબસાઈટ) ઉપર એપ્રુવ કરવો જરૂરી છે. ધંધાકીય ચોપડાનું ઓડીટ થઇ અને ચાર્ટર્ડ એકાઉનટન્ટ દ્વારા ઓનલાઈન ચડાવી આપવામાં આવ્યો હોય માત્ર તે જરૂરી નથી. કરદાતા દ્વારા આ ઓડીટનું ''એપૃવ્લ'' ૩૦ સપ્ટેમ્બર સુધીમાં કરી આપવું જરૂરી છે. ઓડીટ માટે જવાબદાર કરદાતા માટે આ સપ્ટેમ્બર મહિનાનું ખુબ મહત્વ રહેતું હોય છે.

## સુપ્રિમ કોર્ટનો મહત્વનો ચુકાદો

non-payment અથવા erroneous refund જેવી પરિસ્થિતિઓ સાથે સંબંધિત છે. પરંતુ બંને વચ્ચે એક મહત્વપૂર્ણ તફાવત છે.

Section ૭૩ એવી પરિસ્થિતિ માટે છે જ્યાં tax short paid અથવા not paid હોય, પરંતુ તેનું કારણ fraud, wilful misstatement અથવા suppression of facts ન હોય. જ્યારે Section ૭૪માં આ ગંભીર પરિસ્થિતિઓનો સમાવેશ થાય છે. તેથી Section ૭૪ હેઠળ વિભાગને વધુ લાંબી સમયમર્યાદાનો લાભ મળે છે.

આથી, કોઈ કેસ Section ૭૩ની સામાન્ય સમયમર્યાદા બહાર નીકળી ગયો હોય ત્યારે માત્ર સમયમર્યાદા બચાવવા માટે Section ૭૪નો આશરો લેવો હોય તો વિભાગે તેના માટે મજબૂત અને સ્પષ્ટ આધાર દર્શાવવો જરૂરી છે.

### વેપાર જગત માટે આ ચુકાદો કેમ છે મહત્વનો?

આ ચુકાદા અંગે વાત કરતા એડવોકેટ ભાર્ગવ ગણાત્રા જણાવે છે કે ''સુપ્રીમ કોર્ટની ડીવીઝન બેંચ દ્વારા આપવામાં આવેલ આ ચુકાદો વેપાર જગત માટે ખુબ મહત્વ ધરાવે છે. અનેક કિસ્સામાં એવું સામે આવતું હોય છે કે જી.એસ.ટી. ડીપાર્ટમેન્ટ દ્વારા જી.એસ.ટી. કાયદા હેઠળ કલમ ૭૩ હેઠળ નોટીસ આપવાની સમયમર્યાદા જતી રહી હોય ત્યારે કરદાતા વિરુદ્ધ કોઈ પણ પુરાવા વગર કલમ ૭૪ હેઠળ કરચોરીની નોટીસ આપવામાં આવતી હોય છે. આ નોટીસમાં કરચોરીનો માત્ર ઉલ્લેખ કરી કરચોરીની બાબતમાં આપવામાં આવતી વધારાની સમયમર્યાદાનો ગેરઉપયોગ કરી આપવામાં આવતી હોય છે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદા પછી આ નોટિસમાં કરદાતા ઉપર કરચોરીનો માત્ર ઉલ્લેખ કરીને ''ફ્રોડ, વિલફુલ મિસસ્ટેટ્મેન્ટ ઓર સપ્રેશન ઓફ ફેક્ટસ'' નો કેસ છે એવું જણાવીને કલમ ૭૪ નો ઉપયોગ કરવામાં આવે ત્યારે આ અંગે કોઈ વધારાના કારણો તથા વિગતો પૂરી પાડવી અધિકારી માટે જરૂરી બનશે. ઉલ્લેખનીય છે કે આજ મુદ્દા ઉપર તાતા સ્ટીલના કેસમાં પણ આજ મુદ્દા ઉપર કરદાતાની તરફેણમાં ચુકાદો આપવામાં આવ્યો છે''.

સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો GST વિભાગ માટે પણ એક મહત્વપૂર્ણ તાકીદ છે જે સ્પષ્ટ કરે છે કે નોટીસ આપવામાં આવેલ ''લીમીટેશનનો પ્રશ્ન માત્ર ''ટેકનીકલ ફોર્માલીટી'' નથી. જ્યારે Section 74 હેઠળ વધારાની સમયમર્યાદાનો ઉપયોગ કરવામાં આવે ત્યારે તેના માટે જરૂરી કરચોરીના આક્ષેપની વિગતો નોટિસમાં સ્પષ્ટ રીતે દર્શાવવી જરૂરી બનશે.

G.R. Infra Projectsનો સુપ્રીમ કોર્ટનો ચુકાદો માત્ર એક કંપનીની GST નોટિસ રદ કરવાનો નિર્ણય નથી. તે GSTની adjudication âq¾$epdp„ natural justice, application of mind અને statutory limitationના મહત્વને ફરીથી રેખાંકિત કરતો ''લેન્ડમાર્ક'' ચુકાદો ગણી શકાય.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તારીખ ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ પ્રકાશિત થયેલ છે.)**


AI IMAGE

# ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ ક્યારે બને ઓડીટ કરાવવું ફરજીયાત??

## ધંધા કે વ્યવસાયની આવક ધરાવતા કરદાતા માટે ઓડીટ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં કરાવવાનું રહે છે

તા.૧૨.૦૯.૨૦૨૬: ભારતમાં ધંધો કે વ્યવસાય કરતા કરદાતા માટે આવકવેરા કાયદાનું પાલન માત્ર Income Tax Return ભર વા પૂરતું મર્યાદિત નથી. ધંધા કે વ્યવસાયનું ટર્નઓવર, નફાનો દર, રોકડ વ્યવહારો અને કરદાતાએ વગેરે બાબતો પરથી તેઓ ટેક્સ ઓડીટ કરાવવા પણ જવાબદાર બને છે. આજે આ લેખમાં ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ ઓડીટ કરાવવું કરદાતા માટે ક્યારે ફરજીયાત છે તે અંગે ચર્ચા કરવામાં આવેલ છે.

ઘણા વેપારીઓમાં એવી સામાન્ય માન્યતા જોવા મળે છે કે ‘‘ટર્નઓવર ૧ કરોડ રૂપિયા થાય એટલે ઓડિટ કરાવવું ફરજિયાત બની જાય છે.

### Tax Audit એટલે શું?

Income Tax હેઠળ Tax Auditનો મુખ્ય હેતુ કરદાતાના હિસાબી ચોપડા, વ્યવસાયિક આવક અને ખર્ચની તપાસ કરીને તે ખાતરી કરવાનો છે કે કરદાતાએ Income Tax Actની વિવિધ જોગવાઈઓનું યોગ્ય પાલન કર્યું છે કે નહિ. Tax Audit સામાન્ય રીતે Chartered Accountant દ્વારા કરવામાં આવે છે. Audit પૂર્ણ થયા બાદ Tax Audit Report Income Tax Departmentના પોર્ટલ પર ઇલેક્ટ્રોનિક રીતે અપલોડ કરવામાં આવે છે.

### કલમ 44AB હેઠળ Tax Audit ક્યારે ફરજિયાત બને?

Income Tax Actની કલમ 44AB ધંધાકીય આવક ધરાવતા કરદાતા માટે Tax Auditની જોગવાઈ કરે છે.

**૧. વ્યવસાય માટે સામાન્ય** Turnover Limit

સામાન્ય રીતે, જો કોઈ વ્યક્તિ અથવા સંસ્થાના વ્યવસાયનું કુલ વેચાણ, Gross Receipts A\hp Turnover નિર્ધારિત મર્યાદા કરતાં વધારે હોય તો Tax Audit ફરજિયાત બને છે. વર્તમાન જોગવાઈ મુજબ ધંધા માટે સામાન્ય Tax Audit Limit રૂા. ૧ કરોડ છે. એટલે કે, સામાન્ય પરિસ્થિતિમાં વ્યવસાયનું Turnover રૂા. ૧ કરોડ કરતાં વધુ હોય તો કલમ 44AB હેઠળ Tax Audit કરાવવું પડે. પરંતુ અહીં એક અત્યંત મહત્વપૂર્ણ છૂટછાટ આપવામાં આવી છે.



AI IMAGE

સરકાર દ્વારા Digital Transactionsને પ્રોત્સાહન આપવા માટે Tax Auditની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. જો વ્યવસાયની નીચે દર્શાવેલી બન્ને શરતો પૂર્ણ થાય તો Tax Auditની મર્યાદા રૂા. ૧ કરોડને બદલે રૂા. ૧૦ કરોડ સુધી થઈ શકે છે.

**શરત નંબર ૧:**

વર્ષ દરમિયાન કુલ Cash Receipts ટર્નોવરના ૫ ટકાથી વધુ ન હોવા જોઈએ.

**શરત નંબર ૨:**

વર્ષ દરમિયાન કુલ Cash Payments ધંધાના કુલ ચુકવણીના ૫ ટકાથી વધુ ન હોવા જોઈએ. જો બંને શરતોનું પાલન થાય તો વ્યવસાય માટે Tax Auditની મર્યાદા ૧ કરોડના બદલે રૂ. ૧૦ કરોડ સુધી બની જાય છે.

### ટર્નોવર ઓછુ હોવા છતા ઓડીટ કરાવવું ક્યારે જરૂરી બની શકે છે??

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ ધંધાકીય આવક ધરાવતા નાના કરદાતાઓ માટે અંદાજીત આવક યોજના કલમ 44AD, 44ADA હેઠળ આપવામાં આવેલ છે. આ યોજના હેઠળ ધંધાકીય આવક ધરાવતા કરદાતાએ પોતાના ટર્નોવરના ૮% (બેંક દ્વારા રીસીપ્ટ હોય તે કિસ્સામાં ૬%) નફો દર્શાવવો ફરજીયાત છે. તેવી જ રીતે ડોક્ટર, એડવોકેટ, એન્જીનીયર જેવા કોઈ પ્રોફેશન (વ્યવસાયિક) સાથે જોડાયેલ કરદાતાએ પોતાના ફી રીસીપ્ટના ૫૦% નફા તરીકે દર્શાવવો ફરજીયાત છે. અંદાજીત આવક યોજના હેઠળ માન્ય હોય તેવા ઉપર જણાવેલ કરદાતા આ કલમોની મર્યાદાથી ઓછો નફો છે તેવું જાહેર કરે તો તેમના માટે ટર્નોવર ૧ કરોડથી ઓછુ હોવા છતાં ઓડીટ કરાવવા જવાબદાર બની જાય છે.

કોઈ કરદાતા કોઈ એક વર્ષ માટે અંદાજીત આવક યોજના હેઠળ માન્ય હોય અને તેઓ આ યોજના હેઠળ આવક દર્શાવવાના બદલે ઓડીટનો વિકલ્પ

(અનુસંધાન પાના નં.૩ ઉપર)

# સુપ્રીમ કોર્ટનો વેપારીની તરફેણમાં મહત્વનો ચુકાદોઃ માત્ર “ફ્રોડ”નો ઉલ્લેખ કરવાથી કલમ ૭૪ હેઠળની નોટીસ આપી શકાય નહિ

તા. ૦૧.૦૯.૨૦૨૬: GST કર વ્યવસ્થામાં કરદાતાને નોટિસ આપવી એ માત્ર ઔપચારિક પ્રક્રિયા નથી. નોટિસમાં કયા આરોપો મૂકવામાં આવ્યા છે અને તેના માટે કયા તથ્યો અને આધાર છે, તે જાણવું કરદાતાના કાયદાકીય હકો માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ જ મુદ્દે સુપ્રીમ કોર્ટે ૧૯ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ આપેલા એક મહત્વપૂર્ણ ચુકાદામાં GST વિભાગને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, Section ૭૪ હેઠળ કાર્યવાહી કરવા માટે માત્ર ‘fraud, wilful misstatement’ અથવા ‘suppression of facts જેવા શબ્દોનો યાંત્રિક ઉપયોગ પૂરતો નથી.

સુપ્રીમ કોર્ટની બેન્ચ જસ્ટિસ J.B. Pardiwala અને જસ્ટિસ K. Vinod Chandranની બેંચ દ્વારા M/s G.R. Infra Projects Limited, Ratlam v. State of Madhya Pradesh amp; Others કેસમાં મધ્યપ્રદેશ GST વિભાગ દ્વારા આપવામાં આવેલ Show Cause Notice (SCN) રદ કરી દીધી હતી. કોર્ટે રાજ્ય સરકારને આ નોટિસના આધારે આગળ કોઈ કાર્યવાહી નહીં કરવા પણ નિર્દેશ આપ્યો છે.

### વિવાદ ક્યાંથી શરૂ થયો?

કેસમાં કરદાતા સામે Assessment Year ૨૦૧૮-૧૯ માટે ૧૩ જૂન ૨૦૨૫ના રોજ જી.એસ.ટી.કાયદાની કલમ ૭૪ હેઠળ Show Cause Notice આપવામાં આવી હતી. કરદાતાની મુખ્ય દલીલ હતી કે Section ૭૪ હેઠળ નોટિસ ત્યારે જ આપી શકાય જ્યારે fraud,

## GST નોટિસમાં માત્ર 'Fraud' લખવાથી કામ નહીં ચાલે, નોટીસમાં ફ્રોડના દાવાના સમર્થનમાં કારણો-પુરાવા આપવા જરૂરી



AI IMAGE

willful misstatement અથવા suppression of facts જેવા ગંભીર આરોપો કરવામાં આવ્યા હોય અને આ આરોપો નોટિસમાંથી જ સ્પષ્ટ રીતે બહાર આવતા હોવા જોઈએ.

કરદાતાએ વધુમાં દલીલ કરી કે સામાન્ય પરિસ્થિતિમાં Section ૭૩ હેઠળ કાર્યવાહી કરવાની સમયમર્યાદા પૂરી થઈ ગઈ હતી. તેથી બાદમાં Section ૭૪નો આશરો લઈને સમયમર્યાદા વધારવાનો પ્રયાસ કાયદેસર રીતે યોગ્ય ન ગણાય.

બીજી તરફ, રાજ્ય સરકારે કોર્ટ સમક્ષ રજૂ કરેલા counter affidavitમાં fraud અને suppression of facts સંબંધિત આરોપોને વિસ્તૃત રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. એટલે કે, વિભાગનું કહેવું હતું કે ભલે SCNમાં વિગતો મર્યાદિત હોય, પરંતુ કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા જવાબમાં આરોપોના આધાર સમજાવવામાં આવ્યા છે.

### સુપ્રીમ કોર્ટનું તારણઃ

કરદાતા અને જી.એસ.ટી. વિભાગ બન્નેની દલીલ સાંભળી સુપ્રીમ કોર્ટ દ્વારા કરદાતાના પક્ષને સાચો માનવામાં આવ્યો હતો. જી.એસ.ટી. વિભાગની દલીલ સુપ્રીમ કોર્ટે સ્વીકારી નહીં. સુપ્રીમ કોર્ટની બેંચ દ્વારા સ્પષ્ટ રીતે પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું કે જી.એસ.ટી. કાયદાની કલમ ૭૪ હેઠળની કરચોરીનો આક્ષેપ કરતી નોટીસ જ કરચોરી અંગે વિગતો આવતી હોવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યુ કે જ્યારે કોઈ સરકારી સત્તાધિકારી નોટિસ કે આદેશ જારી કરે છે, ત્યારે તેને કાયદેસર બનાવવા માટે જરૂરી બાબતો તે નોટિસ અથવા આદેશમાં જ હોવી જોઈએ. જો નોટિસમાં જરૂરી વિગતો નથી, તો બાદમાં કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલા counter affidavit દ્વારા તે ખામી દૂર કરી શકાતી નથી.

આ સિદ્ધાંત GST ઉપરાંત વહીવટી કાયદાના (એડ્મીનીસટ્રેટીવ) દષ્ટિકોણથી પણ મહત્વપૂર્ણ છે. કરદાતાને કયા આક્ષેપ કે આરોપનો જવાબ આપવાનો છે તે શરૂઆતથી જ ખબર હોવી જરૂરી છે. સરકાર પહેલા નોટિસમાં એક સામાન્ય આરોપ મૂકે અને પછી કોર્ટમાં તેનો વિસ્તાર કરે - આ પ્રકારની પ્રક્રિયાને સુપ્રીમ કોર્ટ દ્વારા અમાન્ય ઠેરવવામાં આવેલ છે.

જી.એસ.ટી. કાયદા હેઠળ Section ૭૩ અને Section ૭૪ વચ્ચેનો મૂળભૂત તફાવત GST કાયદામાં Section ૭૩ અને Section ૭૪ બંને tax short payment,

(અનુસંધાન પાના નં.૩ ઉપર)

◆ Year: 10 ◆ Issue No.11 ◆ Continue Issue No.117 ◆ Date: 19/09/2026, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- (With Courier Rs.300/-) ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.